પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

# "કરફ્યુ હુકમ"

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

## નંબર-વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/ ૮૪/ ૨૦૨૧. તા.૦૧/૦૭/૨૦૨૧

**સુધારા હુકમ નં-૦૧**

વંચાણે લીધા:- ૧. ગુજરાત સરકાર ગૃહવિભાગના પત્ર ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨-A તા.30 /૦૬/૨૦૨૧ તથા,

૨. અધિક પોલીસ મહાનિદેશક (કાયદો અને વ્યવસ્થા ) ગાંધીનગરના પત્ર નં.જી-૧/કા.વ્ય/ટે-૨/ COVID-19/2784/૨૭૮૪/૨૦૨૧ તા.૦૧/૦૭/૨૦૨૧ આધારે.

રાજયમાં ચાલી રહેલ COVID-19 ના સંક્રમણની બાબતે રાજય સરકાર ગૃહ વિભાગના તા.૨૫.૦૬.૨૦૨૧ ના હુકમ આધારે અત્રેની કચેરીના જાવક પત્ર ક્રમાંક નંબર-વિ.શા/ જાહેરનામું/એ-સેકશન/ ૮૪/૨૦૨૧ તા.૨૫/૦૬/૨૦૨૧ થી અમદાવાદ શહેરમાં તા.૨૬/૦૬/૨૦૨૧ થી તા.૧૦/૦૭/૨૦૨૧ સુધી રાત્રિ કરફ્યુ તથા કેટલાક નિયંત્રણો અમલમાં મુકવાનો નિર્ણય લેવામાં આવેલ , સદર જાહેરનામાના મુદ્દા નં-૪ ના પેટા નંબર A, B, D, J, K, L માં જણાવેલ જોગવાઇ અનુસાર અમદાવાદ શહેરમાં નિયત વ્યાપારિક એકમોના માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ ઉકત વ્યાપારીક એકમોની કામગીરી સાથે સંકળાયેલ અન્ય તમામ વ્યક્તિઓએ તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં વેકિસનનો પ્રથમ ડોઝ લેવાનો રહે છે.પરંતુ ગૃહ વિભાગના ઉકત હુકમ આધારે વેકિસનનો પ્રથમ ડોઝ લેવાની સમય મર્યાદા તા.૧૦.૦૭.૨૦૨૧ સુધી લંબાવવાનો નિર્ણય કરેલ છે.

આથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, અત્રેની કચેરીના જાવક પત્ર ક્રમાંક નંબર-વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/૮૪/૨૦૨૧ તા.૨૫/૦૬/૨૦૨૧ ના જાહેરનામાના મુદ્દા નં-૪ ના પેટા નંબર A, B, D, J, K, L માં નીચે મુજબનો ફેરફાર થવા હુકમ કરૂ છું:

"અમદાવાદ શહેરમાં પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં નિયત વ્યાપારિક એકમોના માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ ઉકત વ્યાપારીક એકમોની કામગીરી સાથે સંકળાયેલ અન્ય તમામ વ્યક્તિઓએ વેકિસન નો પ્રથમ ડોઝ લેવાની સમય મર્યાદા તા.૧૦.૦૭.૨૦૨૧ સુધી લંબાવવામાં આવે છે.

નોંધ:- બાકીની અન્ય જોગવાઇઓ તથા નિયંત્રણો અત્રેની કચેરીના જાવક પત્ર ક્રમાંક નંબર-વિ.શા/જાહેરનામું/ એ-સેકશન/૮૪/૨૦૨૧ તા.૨૫/૦૬/૨૦૨૧ માં જણાવ્યા મુજબના યથાવત રાખવામાં આવે છે.

### -:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

### -:શિક્ષા:-

આ હુકમના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, INDIAN PENAL CODE-1860 ની

કલમ ૧૮૮ તથા THE DISASTER MANAGAMENT ACT- 2005 ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ હેઠળ સજાને પાત્ર થશે.

## -:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે THE EPIDEMIC DISEASES ACT-1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, INDIAN PENAL CODE-1860 ની કલમ ૧૮૮ તથા THE DISASTER MANAGAMENT ACT-2005 ની જોગવાઇઓ હેઠળ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૯/૦૭/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિ.શ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૨) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૩) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.સબ.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિ.શ્રીની કચેરી (**C.P. Ahmedabad website** ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)